# જિલ્લામાં સાબર, ખારી અને મેશ્વો બે કાંઠે

## જલુંદ્રાનું તળાવ ઓવર ફ્લો થતાં પાણી માર્ગ પર ફરી વળ્યા : ખારી નદી બે કાંઠે થતાં ડભોડા-વડોદરા કોઝવે પર થઈ પાણી વહ્યા : લેકાવાડાનો યુવાન ડુબ્યો તો હરણાહોડામાં ગાય પર દિવાલ પડતાં મરણ પામી : સાબરમતીમાં ગધેડા ફસાયાની વાતો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાંથી વહેતી સાબરમતી, ખારી અને મેશ્વો નદીઓ બન્ને કાંઠે આજે થઈ જતાં જિલ્લામાં ખુશીનો માહોલ વચ્ચે સામાન્ય જનજીવન ઠપ્પ થવા પામ્યું હતું.

આજે પણ દિવસ દરમ્યાન જિલ્લાના ચારેય તાલુકામાં વરસાદ ચાલુ રહેતાં અનિવાર્ય કારણોસર લોકોએ બહાર જવાનું ટાળ્યું હતું. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં તળાવો છલોછલ ભરાઈ જવા પામ્યા છે. જિલ્લાના ચારેય તાલુકામાં આજે ૧॥ થી બે ઈંચ જેટલો વરસાદ દિવસ દરમ્યાન નોંધાયો છે.

માણસા તાલુકાના હરણાહોડા ગામે એક ગાયનું મૃત્યુ થયાના તેમજ ગાંધીનગર તાલુકાના લેકાવાડા ગામે એક યુવાન તણાયાના અહેવાલો જિલ્લાતંત્રને મળ્યા છે. આ સિવાય કોઈ મોટી જાનહાનિ કે પશુહાનિ થઈ નથી. સાબરમતી નદીમાં ગધેડા ફસાયાની ફરિયાદ પણ તંત્રને મળી હતી.

મળતી વિગતો પ્રમાણે દહેગામ તાલુકાના જલુન્દ્રામાં તળાવ છલોછલ ભરાઈ ગયા બાદ તે ઓવરફ્લો થતાં પાણી ગલુદણ-કડાદરા જલુન્દ્રા માર્ગ પર આવી ગયા હતા.

આ ઉપરાંત પાટનાકુવા નજીક એક માર્ગનો સાઈડ કટ ધોવાયો

● અનુસંધાન પાન-૭ પર



### વડોદરા-ડભોડા કોઝવે માટે સરકારમાં રજુઆતો કરી થાક્યા

ગાંધીનગર, તા. ૨૫

ખારી નદીમાં આજે પૂર આવતાં ડભોડા-વડોદરા કોઝવે પર થઈ પાણી વહેતાં ડભોડા-વડોદરા વચ્ચેનો રસ્તો બંધ કરવાની ફરજ પડી હતી.

વડોદરાના રહીશો દ્વારા આ અંગે વારંવાર રજુઆત કરવામાં આવી હોવા છતાં સત્તાવાહકો દ્વારા કોઈ જ કામગીરી ન કરાતાં લોકોમાં રોષની લાગણી ઉભી થવા પામી છે.

આ અંગે જિલ્લા પંચાયતના સદસ્ય દિનેશજી ઠાકોરે જણાવ્યું હતું કે આ નદીમાં પૂર આવતાં દહેગામ-વડોદરા કોઝવે પર થઈ પાણી વહેતાં ડભોડા હનુમાનદાદાના દર્શન કરવા જવા દહેગામના તેમજ ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારના રહીશોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ મુદ્દે તેમણે તેમજ દારાસભ્ય દ્વારા સરકારમાં વારંવાર રજુઆત કરી કોઝવે ઊંચો લેવા તેમજ તેની પહોળાઈ વધારવા કહ્યું છે પણ કોઈ જ ઉકેલ આવ્યો નથી તે દુઃખદ છે. આજે પણ પૂર આવતા ગ્રામજનોની મુશ્કેલીમાં વધારો થયો છે.

### દહેગામમાં ૧૦૦થી વધુ પરિવારોનું સ્થળાંતર કરાયું

#### જાસિયાના મઠ ગામે તળાવ ઓવરફ્લો થયુ

ગાંધીનગર, તા. ૨૫

દહેગામ શહેર નજીક આવેલ નાંદોલ ફાટક પાસે પાણી આવતાં આસપાસના ૧૦૦થી વધુ જેટલા ઝુંપડાવાસીઓનું સત્તાવાળાઓએ સ્થળાંતર કરાવ્યું છે.

આ સ્થળાંતર કરાયેલ પરિવારોની રાત્રે જિલ્લા કલેક્ટર સતીષ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ, પ્રાંત અધિકારી રાકેશ વ્યાસ અને અન્ય અધિકારીઓની ટીમે મુલાકાત લીધી હતી.

આ ઉપરાંત દહેગામમાં જાસિયાના મઠ ગામે તળાવ ઓવરફ્લો થતાં ગામતરફ પાણી જતાં તંત્ર દ્વારા ત્યાં જેસીબી મોકલી અને પાણી નિકાલની કામગીરી હાથ ધરવામાં આવી છે.

મળતા અહેવાલો મુજબ મગોડી નજીક એક તોતીંગ વૃક્ષ ધરાશયી થતાં વન વિભાગ દ્વારા તેને હટાવવા માટેની કામગીરી અંગે પણ સૂચનાઓ આપવામાં આવી છે.





સાબર બે કાંઠે - રાજસ્થાનમાં અતિભારે વરસાદને પગલે ધરોઈ ડેમમાં પાણીની આવક થતાં સોમવારે સાંજે સવા લાખ ક્યુસેક પાણી સાબરમતીમાં છોડાતા સાબર બે કાંઠે વહેતી જોવા મળી હતી... સાબરને કાંઠે આવેલ ગામના આગેવાનોએ વહેતી સાબરને વિધિવત વધાવી હતી... શ્રીફળ પધરાવી સાબરના વધામણાં કર્યા હતા... તો બીજી તસવીરમાં છલકાતી સાબર જોવા શહેરીજનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉમટતા કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે જરૂરી પગલાનું આગોતરું આયોજન ડીઝાસ્ટર ટીમ દ્વારા કરાયું હતું....

### આગામી ચાર પાંચ દિવસમાં વાતાવરણમાં ઉઘાડ નિકળશે

ગાંધીનગર તા ૨૫

જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ દા પટેલના જણાંવ્યા મુજબ સામાન્ય રીતે દક્ષિણ પશ્ચિમ મોનસુનની તિવ્રતા વધુ હોય છે. ત્યારે આકાશમાં વાદળોનો સમુહ કેટલો હોય છે. તે જાણી શકાતુ નથી. પરંતુ વરસાદનો ગર્ભ જબરો હોય છે. જયારે વરસાદી ગર્ભનુ જોર ક્રમશઃ હળવુ થતુ જાય છે. આવા સંજોગોમાં શ્રાવણ સુદ આઠમ બાદ વરસાદનુ જોર હળવુ પડે તેમજ આ પુર્વે જે ભાગોમાં વરસાદ વધુ થયો છે. ત્યાંથી અન્ય ભાગોમાં વરસાદી વહન ખસવાના સંજોગો ઉભા થાય છે. આવા સંજોગોમાં આગામી ૨૮ જુલાઈ સુધી વરસાદી વાયરો યથાવત રહે તેવી સંભાવના છે. અલબત્ત ૩૧ જુલાઈ સુધીમાં આકાશી નઝારો બદલાય તેવા સંજોગો પણ છે. જેથી વરસાદી વાદળો ખસતા વાતાવરણમાં ઉઘાડ નિકળતા ભીંજારાની મોસમમાં નાગરિકોને રાહત મળે.

### જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં આજે રજા

ભારે વરસાદની આગાહીના કારણે તા ૨૬ જુલાઈના રોજ ગાંધીનગર જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. ભારે વરસાદના સંજોગોને ધ્યાને લઈ જિલ્લા કલેકટર દ્વારા તા ૨૫ મી એ જિલ્લાની તમામ શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી હતી. જયારે તા ૨૬ મી એ ફકત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં જ રજા રહેશે તેમ પણ જિલ્લા કલેકટરે જણાંવ્યુ છે.

### ફાયર બ્રિગેડની ટીમે ત્રણ ગધેડાનો જીવ બચાવ્યો

ભારે વરસાદના સંજોગોમાં ઠેર ઠેર તબાહીના દ્રશ્યો જોવા મળી રહયા છે. જયારે જનજીવન મુશ્કેલી અને મુંઝવણની સ્થિતિમાં છે. ત્યારે અબોલ પશુઓ પણ દયનીય હાલતમાં મુકાયા છે. રાજયના વિવિધ વિસ્તારોમાં અતિવૃષ્ટિના સંજોગોમાં પશુમૃત્યુનો આંક પણ વધ્યો છે. ગાંધીનગરમાં આજે ફાયર બ્રિગેડની ટીમે જીવદયા દાખવી લેકાવાડા વિસ્તારમાં નદીના નાળામાં ફસાયેલા ત્રણ ગધેડાનો જીવ બચાવાયો હતો. પાણીમાં ફસાયેલા ગધેડાના બચ્ચા સહીત ત્રણ અબોલનો જીવ બચાવી ફાયર ઓફિસર મહેશ મોડની ટીમે ઉત્કૃષ્ટ કામગીરી કરી હતી.



# શહેરમાં શ્રીકાર વરસાદ

## વધુ બે ઇંચ વરસાદ સેકટરોમાં વરસાદી પાણીનો ભરાવો : સતત ચોથા દિવસે પણ વરસાદનો મિજાજ યથાવત : સેકટરોમાં વરસાદી પાણી ઉભરાવાની સાથે નાગરિકો ભીંજારાથી ત્રસ્ત

ગાંધીનગર તા ૨૫

શહેરમાં સતત ચોથા દિવસે વરસાદનુ જોર યથાવત રહયુ હતુ. ગતરાત્રિના પણ રીમઝીમ વરસાદ ચાલુ રહયો હતો. જયારે દિવસ દરમિયાન પણ વરસાદ વરસવાનુ બંધ ન થતા સેકટરોમાં વરસાદી પાણી ઉભરાતુ નજરે પડે છે. છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં વધુ ૨ ઈંચ વરસાદ વરસ્યો હતો. આ સાથે મોસમનો વરસાદ પણ ૫૦૦ મી મી થી વધુ નોંધાયો છે. વરસાદી ભીંજારાના લીધે નગરનુ જનજીવન પણ અત્યંત પ્રભાવિત થયુ છે. નગરજનો કામ સિવાય બહાર નિકળતા નથી. જયારે શાળા કોલેજો પણ બંધ રહેવાની સાથે શોપિંગ બજારમાં પણ કોઈ ખાસ ચહલ પહલ જોવા મળતી નથી.

રાજયમાં વરસાદી વાયરા વચ્ચે ચોમેર પાણી પાણી થઈ ગયુ છે. બનાસકાંઠામાં પુરગ્રસ્ત વિસ્તારમાં રાહત કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. ત્યારે શહેરમાંથી પુરગ્રસ્ત વિસ્તારમાં ફુડપેકેટ સહીતની સામગ્રી પહોંચતી કરવા નગરની સેવાભાવી સંસ્થાઓ કામે લાગી છે. ત્યારે ગાંધીનગરમાં પણ સતત વરસાદના લીધે જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ છે. સાબરમત્તી નદીમાં સવા લાખ ક્યુસેક પાણી છોડાતા બે કાંઠે વહેતી નદીથી નગરના સિમાડાઓનો નઝારો બદલાયો છે. ત્યારે સતત ચોથા દિવસે પણ વરસાદ વરસવાનુ ચાલુ રહેતા સેકટરોમાં વરસાદી પાણીનો ભરાવો જોવા મળી રહયો છે. સતત વરસાદના લીધે સુર્યપ્રકાશની ગેરહાજરી વચ્ચે નગરમાં દિવસ અને રાત્રિના સમયે હળવો વરસાદ ચાલુ રહેતા મળી રહયુ છે. ગતરાત્રિના સમય દરમિયાન ૨૪ મી મી વરસાદ



નોંધાયો હતો. જયારે દિવસ દરમિયાન પણ એક ઈંચ વરસાદ ખાબકતા છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં વધુ બે ઈંચ વરસાદ વરસ્યો હતો. શહેરમાં વરસાદી નઝારા વચ્ચે અનોખી ઠંડક પ્રસરી છે. પરંતુ સતત વાદળિયા વાતાવરણ વચ્ચે ઝરમર વરસતા વરસાદના લીધે ભીંજારો અનુભવતા નાગરિકો બેચેનીનો અહેસાસ કરી રહયા છે.

ભીંજારો અનુભવતા નગરજનો બેચેની અનુભવી રહયા છે. સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ઓસરાયા નથી. સેકટરોના કોમન પ્લોટ સહીત આંતરિક માર્ગો તેમજ મુખ્ય માર્ગો પર પણ કેટલાક ઠેકાણે વરસાદી પાણીનો ભરાવો યથાવત છે. જયારે સતત વરસાદના લીધે વરસાદી સમસ્યાઓ પણ સ્થાનિક નગરજનો માટે ત્રાસરૂપ બની છે. શહેરમાં સતત ચોથા દિવસે પણ વરસાદ વરસતા ચોમેર પાણી જોવા


ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ashirvad BENELAVE DR. FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com